| | | | |
|---|---|---|---|
| રજુ તારીખ: | ૧૮.૧૨.૨૦૦૩ | | |
| દાખલ તારીખ: | ૧૮.૧૨.૨૦૦૩ | | |
| ફેંસલ તારીખ: | ૨૧. ૦૬.૨૦૧૮ | | |
| **અવધિ:** | વર્ષ: | માસ: | દિવસ: |
| | ૧૪ | ૦૬ | ૦૩ |

અંકલેશ્વરનાં મહે. એડીશ્નલ સિનિયર સિવિલ જજ,સાહેબની કોર્ટમાં, -

મુકામ–અંકલેશ્વર.

**રે.મુ.નં. ૫૩/૨૦૧૫**

વાદી : મહાવીરસીગ દીનેશ
રહે. જી.૩૬, નંદીની પાર્ક સોસાયટી
લીંકરોડ, ભરૂચ.

:: વિરૂઘ્ઘ ::

પ્રતિવાદી : પી.કે.ખુંટીયા
મેનેજર (વીજીલન્સ)
ઓ.એન.જી.સી.અંકલેશ્વર પ્રોજેકટ
અંકલેશ્વર

.................................................................

વાદી તરફે : વિ.વ.શ્રી સી.બી.ગોડીગજબાર
પ્રતિવાદી તરફે : વિ.વ.શ્રી કે.એમ.ઠાકોર/ એસ.એન.અગ્નિજીયા

.........................................................................

દાવો : રૂા.૫,૦૦,૦૦૦/– ના આંકથી વાદીની બદનક્ષી બદલ નુકશાની વળતર મેળવવા માટેનો.

## JUDGMENT

(૧) વાદીની દાવાની ટુંકમાં હકીકત એવી છે કે, વાદી સને ૧૯૯૯ થી સીનીયર કેમીસ્ટ તરીકે ઓ.એન.જી.સી. પ્રોજેકટ

અંકલેશ્વર ખાતે નોકરી કરે છે જયારે આ કામના પ્રતિવાદી પણ ત્યાં જ મેનેજર વીજીલન્સ તરીકે નોકરી કરે છે. વાદીની પત્નીએ વાદીનો ત્યાગ કરેલ છે. તેણી વાદી સાહેદ બેહુદૂ વર્તન કરી વાદી સાથે દાંપત્ય જીવન જીવવામાં રસ ન હોવાથી તેણી આગ્રા મુકામે થી વાદીથી અલગ રહે છે અને વાદી તેનુ ભરણપોષણ કરે છે.વાદીના પત્ની વાદીથી અલગ રહેતા હોય તેનો મોટો ઈસ્યુ બનાવી પ્રતિવાદી તદ્દન ખોટી રીતે વખતોવખત વાદીની પૂછપરછ કરી માનસીક ત્રાસ આપતા હતા. વાદી સંતોષકારક જવાબ આપતા હોવાછતા પ્રતિવાદી સત્તા અને હકૂમત ન હોવાછતા વારંવાર પૂછપરછ ચાલુ રાખેલ હતી. તે રીતે પ્રતિવાદી એ ઈરાદાપૂર્વક વાદીની લાગણી દુભાય તેવા ખોટા ચારીત્રયને લગતા પ્રશ્નો નિજી જીવનનાં પૂછેલા હતાં. જેમા અમારી પત્નીનું ખરૂ નામ રમા છે કે રમાવતી, શું તેણીએ તમો સામે કેસ કરેલ છે અને જો કરેલ હોય તો તેની નકલ આપો, કેસનો નિકાલ થયેલ છે કે નહી, અમૃતાસીગ કોણ છે, તેણી શા માટે તમારી સાથે રહે છે, તેણી સાથે તમારે શું સંબંધ છે વિગેરે પ્રશ્નો પૂછતા હતાં. સદર પુછતાછ થયા બાબતે પ્રતિવાદીને પુછવા છતા તે કાર્યવાહીની નકલો પૂરી પાડેલ નહી તે રીતે બંધારણના અધીકારોનો ભંગ કરેલો. પ્રતિવાદીએ વાદીની વ્યકિતગત સ્વતંત્રાને હણી તેમના અધીકારથી વંચીત રાખી તદ્દન ખોટી, ગે.કા. અને અનફેર પ્રેકટીસ આચરીને પોતાના હકૂમત અને અધીકારથી ઉપર જઈને વાદીની માન મર્યાદા અને ઈજતતને નુકશાન કરી ખૂબ જ ત્રાસ દાયક વર્તન કરેલ છે. પ્રતિવાદી એ તેમની શાખા માટે પત્ર વહેવારો કરી જાહેરાત કરતા ઓ.એન.જી.સી.માં કામ કરતા કામદારો અને કર્મચારીઓ વાદીને શંકા કુશંકાની નજરે જોતા તે રીતે વાદીથી કેટલાક કર્મચારી અલગ થઈ જાય છે. તે રીતે વાદીની પ્રતિવાદીએ બદનક્ષી કરેલ છે. તે મૂલ્ય નાણાંમા ન આંકી શકાય પરંતુ ગણતરી કરતા પાંચ લાખની નુકશાની વળતર મેળવવા વાદી હકકદાર બનેલ છે. જેથી આ બદનામી થતા વાદીએ પ્રતિવાદીને તેમના વિ.વ.શ્રી મારફતે તા.૨૧.૧૦.૨૦૦૩ ના રોજ નોટીસ આપેલી જેમા સિવીલ તથા ક્રિમીનલ રાહે કાર્યવાહી કરવા ચેતવણી આપેલી.સદર નોટીસ પ્રતિવાદીને બજી ગયેલ હોવાછતા પ્રતિવાદીએ તેનો કોઈ જવાબ આપેલ નથી. જેથી વાદીને હાલનો દાવો લાવવાનુ કારણ ઉત્પન્ન થયેલ છે.

તે રીતે વાદીએ એવી દાદ માંગેલ છે કે, પ્રતિવાદી વાદીની જાહેર બદનક્ષી કરવા બદલ જવાબદાર છે તેવુ ઠેરવી સદર અપકૃત્ય બદલ રૂપીયા પાંચ લાખ પ્રતિવાદી પાસેથી નુકશાની વળતર પેટે અપાવવા અને તે રકમ આ કામના પ્રતિવાદીની અંગત જાત મિલકતમાંથી વસુલ મેળવવાનું હુકમનામું કરવા અને દાવાનો ખર્ચ પ્રતિવાદી પાસેથી અપાવવા વિનંતી કરેલ છે.

(૨)		આ કામના પ્રતિવાદીને આ દાવાનો સમન્સ કરતા તેઓ તેમના વિ.વ.શ્રી મારફતે અત્રેની કોર્ટમાં હાજર થયેલ છે અને આંક–૭ થી લેખીત જવાબ રજુ કરી જણાવેલ છે કે, વાદીનો દાવો ખોટો, ઉપજાવી કાઢેલો અને બદ ઈરાદે દાખલ કરવામાં આવેલ છે. વાદી આ પ્રકારનો દાવો લાવવા હકકદાર જ નથી. વાદીની દાવા અરજી પેરા–૧ અંગે કોઈ તકરાર નથી. વાદીને તેની પત્ની સાથે થયેલ તકરાર અંગે પ્રતિવાદીને કોઈ લેવાદેવા નથી તે અંગે પ્રતિવાદી ને કોઈ જાત માહીતી નથી. પ્રતિવાદીએ વાદીને કોઈ માનસીક વ્યથા પહોંચાડેલ નથી. ખરી હકીકતે પ્રતિવાદી ઓ.એન.જી.સી.માં જે તે સમયે અંકલેશ્વર મુકામે વીજીલન્સ ઓફીસર તરીકે ફરજ બજાવતા હોય આસી. મેનેજર ઓ.એન. જી.સી. તરફથી તેઓને ખાનગી ઈન્કવયારી સોંપવામાં આવેલી અને તે ઈન્કવયારી ફરજના ભાગરૂપે પ્રતિવાદીએ કરેલ હતી. જે ઈન્કવાયરી અંગે તેઓએ કોઈ જાહેરાત કરેલનથી. હકીકતે પ્રતિવાદીની ફરજ સત્યની શોધ કરવાની હતી. જે વીજીલન્સ મેન્યુઅલ જે સેન્ટ્રલ વીજીલન્સ ગર્વમેન્ટ ઓફ ઈન્ડીયા ધ્વારા બહાર પાડવામાં આવેલ તેની વિવીધ જોગવાઈઓ હેઠળ ઈન્કવાયરી કરેલી. સદર મેન્યુઅલ મુજબ જ વાદી ઈન્કવાયરીના કોઈપણ પેપર્સ મેળવવા હકકદાર ન હોવાથી તેમને પેપર્સ આપવામાં આવેલ ન હતાં.વાદીના કોઈપણ વ્યકિતગત સ્વતંત્રતાના હકકો ઉપર તરાપ મારવામાં આવેલ નથી. વાદી ની કોઈ બદનક્ષી થયેલ જ નથી તેથી વળતરની રકમ મેળવવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. પ્રતિવાદીને કોઈ નોટીસ જ મળેલ નથી તેથી તેનો જવાબ આપવાનો કોઈ પ્રશ્ન જ રહેતો નથી. પ્રતિવાદીએ તેમની ફરજના ભાગરૂપેની કામગીરી કરેલ છે. જેથી વાદીના દાવાનુ કોઈ કારણ ઉત્પન્ન થયેલ ન હોય વાદીનો દાવો ખર્ચ સહીત રદ કરવા અને પ્રતિવાદીને રૂ.૧૦,૦૦૦/– એકઝામ પ્લરી કોષ્ટ અપાવવા અરજ ગુજારેલ છે.

(૩)		આ દાવાના કામે વાદી તરફે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે :–

(એ) વાદી પક્ષ તરફે રજુ થયેલ પુરાવો.

:: મૌખિક /દસ્તાવેજી પુરાવો ::

| ક્રમ | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| ૦૧ | ૩૨ | વાદી મહાવીરશીગ દીનેશની જુબાની |
| ૦૨ | ૩૪ | વાદીએ હોલી ડે હોમ ફેસીલીટીને લખેલ પત્ર અને તેના |

| | | |
|---|---|---|
| | | પર ડીજીએમની નોટીસ સહીત. |
| ૦૩ | ૩૫ | પ્રતિવાદીનો ઈ.ચા. એચ.આર.ને લખેલ ૫૦ |
| ૦૪ | ૩૬ | વાદી પાસે પ્રતિવાદીએ એલએફએ ટીટીએ બીલ પાસ કરવા રૂા.૫૦,૦૦૦/– ની માગણી કરેલ તે બાબતે પ્રતિ. ને લખેલ પત્ર |
| ૦૫ | ૩૭ | અ.નં. ૩ ની વાદીની ફરીયાદ બાબતે ઈન્કવચારીની વિગત |
| ૦૬ | ૩૮ | વાદીની ખાતાકીય તપાસ બાબતે પ્રતિવાદીએ રજુ કરેલ બ્રીફ ઈન્ટ્રોડકશન |
| ૦૭ | ૩૯ | વાદીએ પ્રતિવાદીની કરેલ ઉ.ત. ઈન્કવચારી ઓફીસર રૂબરૂ થયેલ તેની વાદીને આપેલ નકલ |
| ૦૮ | ૪૦ | વાદીની ઈન્ક.ઓફીસર ધ્વારા કરેલ જનરલ તપાસ |
| ૦૯ | ૪૩ | સાહેદ ઈશ્વરલાલ મોહનલાલ અણખીવાલા |
| ૧૦ | ૫૦ | સાહેદ શાલીગ્રામ ગજાધર મિશ્રાની જુબાની |
| ૧૧ | ૫૪ | સાહેદ જગદીશપ્રસાદસીગ ઘરઘ્યાલીની જુબાની |

વાદીઓ તરફે આંક–૫૬ થી પુરાવો બંધની પુરશીસ આપતા વાદીનો પુરાવાનો હકક બંધ કરેલ છે.

**(૫)** આ દાવાના કામે પ્રતિવાદીઓ તરફે કોઈ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા નીચે મુજબ રજુ કરવામા આવેલ છે.

(બી ) પ્રતિવાદી પક્ષ તરફે રજુ થયેલ પુરાવો.

:: મૌખિક /દસ્તાવેજી પુરાવો ::

| ક્રમ | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| ૦૧ | ૬૧ | પ્રતિવાદી પી.કે.ખુંટીયાની સોગંદ પર સરતપાસ |

પ્રતિવાદીઓ તરફે આંક–૭૦ થી પુરાવો બંધની પુરશીસ આપતા

વાદીનો પુરાવાનો હકક બંધ કરેલ છે.

(૬) ત્યાર બાદ વાદી તરફે વિ.વ.શ્રી એ આંક–૭૯ થી લેખીત દલીલ રજુ કરેલ છે. જે કાળજીપૂર્વક અને ઘ્યાનપૂર્વક વંચાણે લેવામાં આવી, તેઓની આ દલીલના સમર્થનમાં નીચે મુજબની ઓથોરીટીઓ ઉપર આધાર રાખેલ છે.

(૧). ૧૯૮૮ (૧) એસીસી–૬૨૬, નેશનલ ઈન્સ્યુરન્સ કંપની લિ. વિ.જુગલ કિશોર, માં નામ. કોર્ટે ઠરાવેલ છે કે, જયારે પક્ષકાર તરીકે સરકારશ્રી કે તેમની કોઈ કંપની હોય ત્યારે જે દસ્તાવેજથી ન્યાય કરવામાં સરળતા રહે તેવો દસ્તાવેજ રજુ કરવો ફરજીયાત છે.

(૨). ૧૯૯૯ (૧) એસઆરજે–૯૭ (એસસી), સ્ટેટ ઓફ યુ.પી. વિ. શત્રુઘ્ન લાલ, માં નામ. કોર્ટે ઠરાવેલ છે કે,જયારે કોઈ વ્યકિતની સામે ચાર્જશીટ મુકવામાં આવે તો નેશનલ જસ્ટીસ મુજબ તેને જવાબ આપવા માટે ફરીયાદ પક્ષે આધાર રાખેલ પેપર્સ આપવા પડે અને જો તેમ ન થાય તો ખાતાકીય ઈન્કવયારી રદ થાય.

(૩). ૨૦૧૧–II–એલએલજે–૬૨૭ (એસસી),યુનીયન ઓફ ઈન્ડીયા વિરૂઘ્ધ એસ.કે.કપુર, માં નામ. કોર્ટે ઠરાવેલ છે કે,ખાતાકીય તપાસ માં કે અન્ય પેપર્સ ડીલીકન્ટને પ્રથમ આપવા જોઈએ અને જો એમ ન થાય તો ફરજ મોકુફનો હુકમ રદ થાય.

(૪). ૨૦૧૪ (૧૪૦) એફએલઆર ૬૯૪,ડીવીઝન રેલ્વે મેનેજર નોર્થન રેલ્વે લખનૌ વિ. શાલીગ્રામ મંડલ, માં નામ. કોર્ટે ઠરાવેલ છે કે,ખાતાકીય ઈન્કવાયરીમાં કેસ સાબીત કરવાની જવાબદારી ખાતા ઉપર હોય છે જે પુરાવાથી સાબીત કરવાનું રહે છે તથા ઓફીસરે સ્વતંત્ર રીતે અર્ઘ ન્યાયીક કાર્યવાહી કરવાની હોય છે.

(૫). ૨૦૧૫(૨) જીએલઆર–૧૭૫૩, નિલેષ જયંતીભાઈ પટેલ વિ. સ્ટેટ ઓફ ગુજરાત, માં નામ. કોર્ટે ઠરાવેલ છે કે,દસ્તાવેજની ઝેરોક્ષ નકલને વધારાના પુરાવા તરીકે આંક પાડતા તેને આપવાા આવેલ આંક રદ કરવા મેજી.ને અરજી આપવામાં આવી. પ્રતિ.નં. ૨ એ જે ડોકટરે આપેલ અહેવાલની નકલ રજુ કરી તે અસલ નકલ તેની પાસે નથી કે ખોવાઈ ગયેલ છે આમ દસ્તાવેજની વિગતો સાબીત ગણાય નહી જે હુકમ રદ કરવામાં આવેલો.

(૬). એઆઈઆર ૧૯૮૨ કર્ણાટક –૨૮૭, જી.શ્રી ઘારામૂર્તિ વિ. બેલ્રી મ્યુનીસીપલકાઉન્સીલ અને બીજા, માં નામ. કોર્ટે ઠરાવેલ છે કે, મ્યુનીસીપલ ઘ્વારા બદઈરાદાથી ડીસ્ટ્રેટ વોરંટ ઈસ્યુ કરી અને ફર્નીચર તથા ચોપડીઓ કબજે કરવાનો પ્રેકટીસ ઈન એડવોકેટ સામે હુકમ કરેલ. વળી આ

વકીલશ્રી ઈન્કમટેક્ષ અને વેલ્થ ટેક્ષ પણ ચુકવતા હતાં જેથી તેમને હાની થયેલ હોવાનું કોર્ટેમાનેલું.

(૭). એઆઈઆર ૨૦૦૨ ગૌહાટી –૭૫, એસ.એન.આબદી વિ. પ્રફુલા કેઆર.મહંતા અને બીજાઓ માં નામ. કોર્ટે જેતે સ્ટેટના ચીફ મીનીસ્ટર સામે નામોશીભર્યુ આર્ટીકલ ન્યુઝ પેપરમાં જાહેર થયેલું. જેથી તે અંગેનોબદનક્ષી બદલ નુકશાનીનો દાવો દાખલ થયેલ તેમાં પ્રતિ.એ કોઈ જવાબ કે પુરાવા રજુ કરેલ ન હતાં જેથી કોર્ટે બદનક્ષી માની પાંચ લાખનું વળતર નુકશાની પેટે ચુકવવાનો હુકમ કરેલો.

(૮). એઆઈઆર ૧૯૯૪ એસસી–૮૫૩,એસ.પી. ચેન્ગલવરીચા નાયડૂ વિ. જગન્નાથ અને બીજા માં નામ. કોર્ટે ઠરાવેલ છે કે, પક્ષકારોએ કોર્ટ સમક્ષ ચોખ્ખા હાથે આવવુ જોઈએ અને જે પક્ષકારખોટીહકીકતો સાથે આવેલ હોય તેમનેકોર્ટના દરવાજા ખટખટાવવાનો કોઈ હકક જ નથી તથા જે પક્ષકાર આવેલ હોય તેને કેસને લગતા તમામ પુરાવાઓ રજુ કરવા જોઈએ. અને જો તે ખોટો ગેર લાભ લેવા દસ્તાવેજ રજુ ન કરે તો કોર્ટ સાથે તથા સામા પક્ષ સાથે છેતરપીડી કર્યાનું ગણાય.

ઉપરોકત ચુકાદાને નમ્રપણે માન આપી જણાવે છે કે સદર ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ માર્ગદર્શન અને સિધ્ધાંતોને માનવા અત્રેની કોર્ટ બંધાયેલ છે. પરંતુ સદર ચુકાદાઓ જે તે કેસની હકીકતો ઉપર આધાર છે જયારે હાલના કેસની હકીકતો તેનાથી અલગ પડે છે.

જયારે પ્રતિવાદી તરફે દલીલ ન કરવામાં આવતા તેમની દલીલનો હકક બંધ કરવામાં આવેલ છે.

**(૭)** આ દાવાના નિર્ણય માટે આંક–૮ થી તા.૨૯.૯.૨૦૦૯ ના રોજ અમોના પુરોગામી એડી.સિવિલજજશ્રીએ કુલ ૪ મુદાઓ કાઢેલા છે જે નીચે મુજબ છે.

(1) Whether the plaintiff proves that, his wife deserted him without any reason?
(2) Whether the plaintiff proves that, the defendant has filed illegal proceedings and giving him mental torture?
(3) Whether the plaintiff proves that, defendant illegal acted harming of his credit ?
(4) Whether the defendant proves that, the plaintiff

filed the suit is false and frivolous against the defendant ?

(5) Whether the defendant proves that, he has entrusted with the investigation of the complaint received from the Asset Manager, O.N.G.C. Ankleshwar ?

(6) Whether the plaintiff is entitled for the relief as prayed for ?

(7) What order and decree ?

(૮) આ કામે કાઢવામાં આવેલ મુદ્દાઓના મારા નિર્ણયો કારણો સહીત નીચે મુજબ છે :-

૧. નકારમાં
૨. નકારમાં
૩. નકારમાં
૪. હકારમાં
૫. હકારમાં
૬. નકારમાં
૭. આખરી હુકમ મુજબ.

## -: નિર્ણયના કારણો :-

(૯) દિવાની કાર્યરીતી પ્રણાલી,૧૯૦૮ મુજબ તેમજ પુરાવા અધિનિયમ,૧૮૭૨ ની કલમ-૧૦૧,૧૦૨ જોતા જે પક્ષકાર કેસ લઈને કોર્ટ સમક્ષ આવે છે તેની ઈચ્છા મુજબ કોર્ટ ચુકાદો આપે તેવી અપેક્ષા લઈને કોર્ટ સમક્ષ આવે, તો તેના કેસની હકીકતો પુરવાર કરવાની જવાબદારી તેના એટલે કે વાદીના શીરે હોય છે, તે પ્રતિવાદીની નબળાઈનો લાભ મેળવી શકે નહી. બીજા શબ્દોમાં કહીએ તો, જો પ્રતિવાદી વાદીના પુરાવાનું સારી રીતે ખંડન કરે તો તેને સાક્ષીના પિંજરામાં આવીને સાહેદી આપવાની જરુરીયાત પણ રહેતી નથી. એટલે કે કાયદાનો એ સ્થાપિત સિધ્ધાંત છે કે *વાદીએ તો તેના બલબુતા ઉપર તેનો કેસ પુરવાર કરવાનો હોય છે*. આ સંદર્ભે નામ.સુપ્રિમકોર્ટનો ચુકાદો ૨૦૧૫ (૪) સીસીસી ૨૨૫ (એસ.સી.) ધી સિટી મ્યુનીસીપલ કાઉન્સીલ ભાલકી વિ.ગુરપ્પા માં ઠરાવેલ છે કે, In a Suit the plaintiff must

prove his title independently. Decree in his favour can not be awarded only because defendant has not been able to prove his title. વધુમાં વાદી ધી સ્પેશીફીક રીલીફ એકટ, ૧૯૬૩ ની કલમ ૩૪ તથા ૩૮ મુજબ ની વિજ્ઞાપન તથા કાયમી મનાઈ હુકમની દાદ મેળવવા આવેલ છે ત્યારે આ પ્રકારની દાદ કોર્ટની મનસુફીની સતા હેઠળ છે અને સમન્યાયી પ્રકારની દાદ છે એટલે કે વાદીએ પ્રથમ એ ફરજ હેઠળ આવી જાય છે કે તેણે ચોખ્ખા હાથે આવવું જોઈએ, અન્યથા વાદી કોઈ પ્રકારની દાદ મેળવવા હકકદાર બની શકે નહિં. વધુમાં, એ પણ કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, જે પક્ષકાર જે દસ્તાવેજો કોર્ટમાં લઈને આવે, તે પુરવાર કરવાનો બોજો તેમની ઉપર જ હોય છે, આ મહત્વ પુર્ણ સિધ્ધાંતને ધ્યાનમાં લેતા આ કામે આ મુદાઓ ની ચર્ચા નીચે મુજબ કરવામાં આવેલ છે.

## (૧૦) <u>સ્વીકૃત હકીકતો</u>

આ કામે વાદી ઓ.એન.જી.સી. અંકલેશ્વર મુકામે સીનીયર કેમીસ્ટ તરીકે ફરજ બજાવતા હતા જયારે પ્રતિવાદી ત્યાં જ વીજીલન્સ મેનેજર તરીકે ફરજ બજાવતા હતાં. વાદી અંગે પ્રતિવાદીને તેમની કંપની તરફથી ખાનગી ઈન્કવાયરી સોંપવામાં આવેલી હતી.

## (૧૧) <u>મુદા નં. ૧ ની ચર્ચા</u>

વાદીના કથન મુજબ તેમની પત્નીએ સ્વેચ્છાએ વાદીનો ત્યાગ કરેલો અને તેના પછાળ કોઈ કારણ ન હતું. આ હકીકત સંબંધે હાલના દાવામાં વાદી ધ્વારા તેમની પત્નીને પક્ષકાર બનાવવામાં આવેલ નથી. વાદી અને તેમની પત્ની વચ્ચે વહેવારીક બાબતો છે જે ખાનગી છે. હાલના દાવામાં તે હકીકતો અંગે ખાસ કોઈ લેવાદેવા નથી. વાદીની પત્નીની ગેરહાજરીમાં તેણી પત્નીએ વાદીનો સ્વેચ્છાએ કોઈપણ કારણ વગર ત્યાગ કરેલ છે તેવું ઠેરવી શકાય નહીં તેવા સંજોગોમાં આ મુદ્દાનો નિર્ણય આ દાવામાં કરી શકાય તેમ ન હોય જેથી મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં આપવામાં આવે છે.

## (૧૨). <u>મુદ્દા નં. ૨ થી ૬ ની ચર્ચા</u>

આ કામે આ પાંચેય મુદાઓ એક બીજા સાથે સંકળાયેલા હોય, જેથી ન્યાયી નિર્ણયમાં સરળતા ખાતર તેની એકી સાથે ચર્ચા કરવામાં આવે છે.

વાદીના કેસ મુજબ હાલના પ્રતિવાદીએ વાદીને તેની પત્ની સાથે થયેલ તકરાર સંબંધી બીન જરૂરી નામોશીભર્યા સત્તા અને મર્યાદા બહારના

પ્રશ્નો પૂછી તેની વિગતો કંપનીમાં જાહેર કરી વાદીની ખૂબ જ બદનામી / બદનક્ષી કરેલ છે. જેથી તેઓ માંગ્યા મુજબની નુકશાની વળતર રૂા.૫,૦૦,૦૦૦/– મેળવવા હકકદાર બનેલ છે,જયારે પ્રતિવાદીના કેસ મુજબ તેઓએ કેસ સત્તા મર્યાદા બહાર કામગીરી કરેલ નથી. પ્રતિવાદીને કંપની તરફથી વીજીલન્સ ઓફીસર તરીકે સોંપવામાં આવેલ કામગીરી જ તેઓએ કરેલ છે. વાદીને તેમની પત્ની સાથે તકરાર થયેલી તેથી વાદીના સસરાએ ઓ.એન.જી.સી.ને પત્ર લખેલો જેમા બંને પતિ પત્ની વચ્ચે લગ્ન સંબંધી અંગત તેઓની તકરારો ચાલે છે અને વાદીએ તેમની પત્નીનો કાઢી મુકેલ છે તેવા આક્ષેપોભરી લેખીત અરજી કરતા હાલના વાદીની ઈન્કવાયરી પ્રતિવાદીને સોંપવામાં આવેલી જે ફરજના ભાગરૂપે કરેલ છે. જેમા વાદીની બદનક્ષી થયેલ હોય તેવા કોઈ પ્રશ્ન પૂછેલ નથી કે કાર્યવાહી કરવામા આવેલ નથી તે રીતે વાદીનો દાવો ખોટો અને ઉપજાવી કાઢેલાની સ્પષ્ટપણે જણાય આવે છે. તદઉપરાંત પ્રતિવાદીનો એવો પણ કેસ છે કે વાદીએ તેમની એક પત્ની હયાત હોવાછતા બીજી પત્ની કરેલી અને તેના થકી બાળક પણ અવતરેલ છે અને વાદીએ તેમના એલએફએ અને ટીટીએમાં અગાઉની પત્ની સાથે છુટાછેડા થયા વગર તેણીનું નામ નહી પરંતુ નવી પત્નીનું નામ લખાવેલ છે તેવા સંજોગો જોતા તે સંબંધી ઈન્કવાયરી દરમ્યાન સવાલ કરેલ જેથી તે બદનક્ષી ગણાય નહીં. આમ વાદીનો દાવો ખોટો હોય ખર્ચ સહીત રદ કરવા વિનંતી કરેલ છે.

**(૧૨)** ઉપરોકત મુજબની તકરાર સંબંધે વાદી તરફે આંક–૩૨ થી તેમની સરતપાસનું સોગંદનામું રજુ કરેલ છે તેમા તેઓ દાવા અરજીની હકીકતને સમર્થનકારક વિગતો દર્શાવેલ છે. જયારે પ્રતિવાદી તરફે ઉ.ત.માં એવુ જણાવેલ છે કે, તેઓએ હોલી ડે હોમનો લાભ મેળવવા ઓ.એન.જી.સી.માં અરજી કરેલ ત્યારબાદ ટીટીએ કલેમ કરેલ હતો. ટીટીએ મંજુર કે નામંજુર થયા વિના પેન્ડીગ રહે. આંક–૩૪ માં પત્નીનું નામ રેકર્ડ સાથે ટેલી ન થતા જેથી પેન્ડીગ રાખેલ તેવુ લખેલ છે. એ વાત કબુલ રાખે છે કે પ્રતિવાદી ઓ.એન.જી.સી.ના વીજીલન્સ ઓફીસર હતાં. તેઓને તેમની પત્ની સાથે સને ૨૦૦૬ ના વર્ષમા છુટાછેડા થયેલા છે. એ વાત કબુલ કરેલ છે કે આ છુટાછેડાનો દસ્તાવેજ આ કામે રજુ કરેલ નથી. એ વાત કબુલ રાખેલ છે કે તેમની પત્નીએ આગ્રા મુકામે ભરણ પોષણની અરજી કરેલી તેમાં તેઓ વિરૂધ્ધ ત્રાસનાં આક્ષેપો કરેલા. એ વાત કબુલ રાખેલ છે કે, આંક–૪૦ મા ઈન્કવયારી ઓફીસરે સવાલ જવાબ કરેલ હતા અને તેમા સવાલ નં. ૧ માં ઈન્કવયારીની પ્રક્રિયાથી સંતોષ છે કે કેમ તેમ પુછતા તેઓએ સંતોષ છે તેવુ કબુલ રાખેલું. તેમની સાથે છુટાછેડા લેનાર પત્નીનું નામ રામવતીસીગ હતું.એ વાત કબુલ રાખેલ છે કે, ઈન્કવાયરી દરમ્યાન

તેઓને સવાલ કરેલ કે, લગ્ન કરેલ હોવાછતા તમો બીજી સ્ત્રી સાથે સંબંધ ધરાવો છો અને તેના થકી બાળકનો પણ જન્મ થયેલ છે. એ વાત કબુલ રાખેલ છે કે, પ્રતિવાદીને તેઓની હાજરીમાં આંક−૩૮ ના સ્ટેટમેન્ટમાં તેમની પત્નીનું નામ એ.સીંગ જણાવેલ હતું એમા તેઓએ સહી કરેલ હતી. આંક−૩૮ માં સહી કરતી વખતે લેખીત વાંધા તેઓએ લીધેલ ન હતાં. એ વાત કબુલ રાખેલ છે કે, પ્રતિવાદીની નોકરી ચાલુ છે અને પ્રમોશન પણ મળેલ છે. જયારે બાકીની હકીકતોનો ઈન્કાર કરેલ છે.

ત્યારબાદ વાદી તરફે આંક−૪૩ થી સાહેદ ઈશ્વરભાઈ મોહનભાઈ અણખીવાલાને તપાસેલા છે. તેઓ ઓ.એન.જી.સી.માં ફાયનાન્સ એન્ડ એકા. ના હોદ્દા ઉપરથી રીટાયર્ડ થયેલ છે. વાદીને ૧૫ વર્ષથી ઓળખે છે તેવું જણાવી વાદીની દાવા અરજીની હકીકતોને સમર્થનકારક હકીકતો સરતપાસમાં જણાવેલ છે. જયારે પ્રતિવાદી તરફે કરેલ ઉ.ત.મા એ હકીકતો કબુલ રાખેલ છે કે તેઓ તથા વાદી એક જ સોસાયટીમા રહે છે તેઓ પ્રતિવાદીને ઓળખતા નથી તેમજ કોઈ કર્મચારી વિરૂધ્ધ ફરીયાદ આવે તો વીજીલન્સ ઓફીસરે તેની પ્રાથમીક ખાતાકીય તપાસ કરવી પડે. જે તપાસ વીજીલન્સ મેન્યુઅલ મુજબ થાય છે. વીજીલન્સ ઓફીસરે આક્ષેપીત કર્મચારીનીવિગતવારની તપાસ દરમ્યાન પુછપરછ કરવી પડતી હોય છે અને જો સંતોષકારક જવાબ ન મળે તો સંતોષ ન થાય ત્યાસુધી જરૂરી પ્રશ્નો પૂછી શકાય છે. વાદી વિરૂધ્ધ તેમની પત્નીનુ નામ ટીટીએ ફોર્મ અલગ હોવા બાબતે ઈન્કવાયરી થયેલી અને તે બીલ ન ચુકવતા પેન્ડીગ રહેલ. વાદીના તેમના પત્ની સાથે છુટાછેડા કયારે થયેલા તે જાણતા નથી તેવો કોઈ દસ્તાવેજ પણ તેઓએ જોયેલ નથી. વાદીની નોકરીની હકીકતો તેઓએ વાતોવાતોમાં જાણેલી. વાદીની નોકરીની હકીકતો વિષે તેમને કોઈ જાત માહીતી નથી. વાદીએ ટીટીએ ફોર્મ ભરેલ તે આ સાહેદે જોયેલ નથી. જયારે બાકીની હકીકતોનો ઈન્કાર કરેલ છે.

ત્યારબાદ વાદી પક્ષ તરફે આંક−૫૦ થી સાહેદ શાલીગ્રામ જી.મિશ્રાને તપાસેલ છે. તેઓ વાદીને ૧૬ વર્ષથી ઓળખે છે હાલ ઓ.એન.જી.સી.મા તેઓ સુપ્રિ. એન્જી.ની પોષ્ટ ઉપર ફરજ બજાવે છે. પ્રતિવાદી વાદીને માનહાની કરવાના ઈરાદાથી કાર્યવાહી કરતા હતા. એલએફએ અને ટીટીએ વિગેરે પર્સનલ કલેમ બાકી રાખેલ જે પાસ કરવા માટે પ્રતિવાદીએ રૂા.૫૦,૦૦૦/− ની માંગણી તેમની તથા શ્રી જે.પી.સીગની હાજરીમાં કરેલી. જયારે બાકીની દાવાની હકીકતોનું પુનરાવર્તન કરેલ છે.

સદર સાહેદની ઉ.ત. જોતા એ હકીકતો કબુલ રાખેલ છે કે, ઓ.એન.જી.સી. ની આ ઈન્કવયારી વીજીલન્સ મેન્યુઅલ મુજબ થાય છે તેમજ

વીજીલન્સ ઓફીસરે વિગતવાર કર્મચારીની પૂછપરછ કરવી પડે તેમજ વીજીલન્સ ઓફીસરને સંતોષકારક જવાબ ન મળે ત્યાંસુધી તે પ્રશ્નોતરી કરી શકે તેમજ વાદી મહાવરસીહની પત્નીના નામમા ફેર હોવાના લીધે વાદીને ટ્રાવેલીગ એલાઉન્સ ચુકવાયેલ નહી અને પેન્ડીગ હતું તેમજ બાકીની તમામ હકીકતોની ઈન્કારી કરેલ છે.

ત્યારબાદ વાદી પક્ષે સાહેદ જગદીશપ્રસાદ સીગ ને આંક–૫૪ થી તપાસતા તેઓ તેમની જુબાનીમા જણાવે છે કે, વાદીને છેલ્લા ૧૭ વર્ષથી ઓળખે છે અને તેઓ ઓ.એન.જી.સી.મા તા.૩.૩.૭૫ થી નોકરીમા જોડાયેલા અને તા.૩૧.૮.૦૮ ના રોજ ઓ.એન.જી.સી.માથી ડે. સુપ્રિ. એન્જીનીયર ના હોદ્દા પરથી રીટાયર્ડ થયેલા તેમ જણાવે છે અને બાકીની દાવામા જણાવેલ હકીકતોનુ પુનરાવર્તન કરવામાં આવેલ છે.

સદર સાહેદની ઉ.ત. જોતા એ હકીકતો કબુલ રાખેલ છે કે, સોગંદનામુ વકીલે તૈયાર કરેલ છે તેમજ જેતે સમયે પ્રતિવાદી ઓ.એન.જી.સી.મા વીજીલન્સ ઓફીસર હતા તેમજ વીજીલન્સ ઓફીસરે કોઈ કર્મચારી વિરૂધ્ધ ફરીયાદ આવે તો ઈન્કવાયરી કરવાની હોય છે અને નિયમ મુજબ થતી હોય છે તેમજ ફરીયાદ મુજબ વીજીલન્સ ઓફીસરે જે તે કર્મચારીને સવાલ જવાબ પુછવાના હોય છે. વીજીલન્સ ઓફીસર ઓ.એન.જી.સી. ના નિયમ મુજબ સવાલ જવાબ પુછી શકે છે પરંતુ તેની મર્યાદા બહાર પુછી શકે નહી.વાદી વિરૂધ્ધ ઓ.એન.જી.સી.મા ગે.કા. રીતે ટ્રાવેલીગ એલાઉન્સ લેવાની ઈન્કવાયરી ચાલતી હતી તેમજ બાકીની તમામ હકીકતોની ઈન્કારી કરેલ છે.

આ કામે પ્રતિવાદી પક્ષ તરફે પ્રતિવાદી પી.કે.ખુંટીયાને આંક–૬૧ થી તપાસતા તેઓ તેમની જુબાનીમા તેઓએ તેમની દાવા અરજીમાં આપેલા જવાબની હકીકતને અનુરૂપ જુબાની આપેલ છે પરંતુ તેઓની ઉ.ત. જોતા એ હકીકતો કબુલ રાખેલ છે કે, હુ વાદીની સામેની ફરીયાદીની તપાસ ચીફ વીજીલન્સ ઓફીસરના હુકમથી મે કરેલ છે તેમજ આવો કોઈ હુકમ મે આ દાવામાં રજુ કરેલ નથી તેમજ મે આવા કોઈ બોગસ કલેમ અંગેના કોઈ દસ્તાવેજો રજુ કરેલા નથી તેમજ મેં જે વ્યકિતઓના નિવેદનો લીધેલા છે તે મેં આ દાવામાં રજુ કરેલ નથી. તેમજ હોમ હાઉન્ટ એલએફએનું બીલ મંજુર કે નામંજુર કરવુ તે વીજીલન્સ ડીપાર્ટમેન્ટનું કામ નથી તેમજ મારી સામે પણ રૂપીયા પચાસ હજાર અંગે તપાસ થેલ છે તેમજ ઓ.એન.જી.સી.ના કોઈપણ કર્મચારીના વ્યકિતગત જીવનમા તપાસ કરવાની કોઈ સત્તા મને નથગી તેમજ તેમજ કોઈપણ વ્યકિતની ખાનગી જીવન અંગે એચ.આર. વિભાગને સત્તા છે તેમજ બાકીની તમામ હકીકતોની ઈન્કારી કરેલ છે.

(૧૩) આ કામે ઉપરોકત મુજબનો પુરાવો ધ્યાને લેતા જણાય છે કે, વાદી ઓ.એન.જી. સી.માં સીની.કેમીસ્ટ તરીકે નોકરી કરતા હતા ત્યારે તેઓ અને તેમની પત્ની વૈવાહીક તકરારો ચાલતી હતી. આ તકરાર સબંધે વાદીના સસરા નામે ધનીરામનાઓ ધ્વારા ફરીયાદ ઓ.એન.જી.સી.ને તે અંગેની ફરીયાદ કરેલી તથા વાદીના પત્ની શ્રીમતી રામવતીને પણ વાદી વિરૂધ્ધ ઓ.એન.જી.સી.મા પત્ર લખેલાનુ રેકર્ડ પરથી જણાય છે. તદઉપરાંત વાદી સામે તેમની ઓ.એન.જી.સી.ની ફરજ દરમ્યાન એલએફએ (લીવ ફેર એલાઉન્સ) અને ટીટીએ ( ટ્રાન્સફર ટ્રાવેલ એલાઉન્સ) માટે કંપનીમાં કલેમ કરેલો હતો. સદર કલેમ કરવામાં તેઓએ તેમની મૂળ પત્ની રામવતી ને બદલે એ.સીગ (અમૃતાસીંગ) નું નામ પત્ની તરીકે લખેલ હોવાથી સદર કલેમની રકમ તેઓની પાસ કરવામાં આવેલ ન હતી. આમ વાદીની મૂળ પત્ની રામવતી અને તેમના પિતા ધ્વારા વાદી વિરૂધ્ધ વગર છુટાછેડાએ બીજા લગ્ન કરી લીધેલા અને તેનાથી એક બાળક થયેલાની આક્ષેપીત અરજીઓ ઓ.એન.જી.સી.માં કરતા અને ઉપરોકત કલેઈમમાં વાદીએ તેમની મૂળ પત્નીના બદલે અન્યનું નામ લખેલ તેવો પ્રતિવાદીનો બચાવ છે તે અંગેની વીજીલન્સ ઈન્કવાયરી પ્રતિવાદી ધ્વારા તેમના ઉપરી અધીકારી ધ્વારા પ્રતિવાદીને સોંપવામાં આવેલી.વાદીના કથન મુજબ આ ઈન્કવાયરી દરમ્યાન પ્રતિવાદીએ એવા સવાલ કરેલ કે, વાદીના પત્નીનુ ખરૂ નામ રમા છે કે રમાવતી, શા માટે તેણીને રમા તરીકે ઓળખાવે છે , તેઓએ કોઈ કોર્ટ કેસ કરેલ છે, તેનો નિકાલ થયેલ છે, નકલ હોય તો રજુ કરવી, અમૃતાસીગ કોણ છે, તે શા માટે વાદી સાથે રહે છે, તેની સાથે વાદીને શું સંબંધ છે ? વાદી ધ્વારા એવા પણ આક્ષેપ કરવામા આવેલ છે કે, આ ઈન્કવાયરી દરમ્યાન પ્રતિવાદીએ વાદી પાસે રૂા.૫૦,૦૦૦/– ની માંગણી કરેલી. પરંતુ આ રકમની માંગણી પ્રતિવાદીએ કરેલી તે અંગે સદર દાવા સાથે કાંઈ જ લેવાદેવા નથી એના માટે વાદી યોગ્ય પગલા લઈ શકયા હોત અથવા લઈ શકે. વળી આ રકમ માંગ્યા અંગેની કોઈ હકીકત વાદીએ જણાવેલ નથી. અત્રેની કોર્ટે તો શું વાદીની પ્રતિવાદીના કૃત્યથી બદનામી થયેલ છે તેજ જોવાનુ છે. અને તેમ થયેલ હોય તો જ વળતર પેટે માંગેલ રકમ મેળવવા વાદી હકદાર બને છે. વાદીએ તેમની દાવા અરજીમાં જણાવેલ સવાલો એ રેકર્ડ પરની હકીકત જોતા તદ્દન સામાન્ય સવાલો છે. જે એક વીજીલન્સ ઓફીસરે તેમની કાર્યવાહી દરમ્યાન પૂછી શકે તેવા જ સવાલો છે તેનાથી કોઈ વાદીની બદનામી થયેલ હોય તેવુ ગણી શકાય નહી. કારણ કે, ઈન્કવાયરીના કામે જે મૂળભૂત તકરાર છે તે ખુદ વાદીના જણાવ્યા મુજબ તેમની પત્ની સાથેની વેવાહીક તકરાર છે. ત્યારે પ્રતિવાદીને તેમની કંપની તરફથી સોંપવામા આવેલ કાયદેસરની ફરજના ભાગરૂપે જ તેઓએ ઈન્કવચારી

કરેલ અને પૂછપરછ કરેલ છે. જો વૈવાહીક તકરારમા આવા સવાલો ન પુછવામા આવે તો ઈન્કવચારીનો કોઈ અર્થ રહે નહીં. વાદીની ઈન્કવાયરી અંગેની પુછપરછ દરમ્યાન પૂછેલ સવાલો પ્રતિવાદીએ જાહેર કરી દીધાનો વાદીનો આક્ષેપ છે તે અંગે માત્ર મૌખિક કથનો જ છે. પ્રતિવાદીએ લેખીતમાં કોઈ બદનામી જનક કથનો વાદી વિરૂધ્ધ કરેલાનુ રેકર્ડ પર કોઈ પુરાવો આવેલ નથી. તદઉપરાંત વાદી ધ્વારા ચોકકસ કઈ તારીખે પ્રતિવાદી ધ્વારા કહેવાતુ કૃત્ય કરવામા આવેલ તેની ચોકકસ તારીખ પણ જણાવેલ નથી. ખુદ વાદીના સાહેદ ઈશ્વરભાઈ મોહનભાઈએ તેમની ઉ.ત.મા સ્વીકારેલ છે કે, પ્રતિવાદીને સોંપવામાં આવેલ તપાસ વીજીલન્સ મેન્યુઅલ મુજબ જ કરવાની હોચ છે અને તેઓને સંતોષકારક જવાબ ન મળે ત્યાં સુધી સવાલો પૂછી શકે છે. વળી વાદી સામેની વીજીલન્સ ઈન્કવાયરી આ કામના પ્રતિવાદીએ પોતાની રીતે ઉભી કરેલ ન હતી પરંતુ તેમની કંપની તરફથી તેમને લેખીતમાં હુકમ કરી ઈન્કવાયરીનો આદેશ કરેલો તેવા સંજોગોમા પ્રતિવાદી એ તેમની સત્તા અને મર્યાદા ઉપર વટ જઈ વાદીની બદનામી થાચ તેવા અંગત સવાલ જવાબ કરી અને તેને જાહેર કરેલ છે તેવું રેકર્ડ પરથી જણાય આવતુ નથી. વાદીની બદનામી કરવાનો પ્રતિવાદીનો બદઈરાદો હતો તેવા આક્ષેપો સાબીત કરવામાં વાદી સફળ રહેલ નથી. પ્રતિવાદીએ કરેલ ઈન્કવાયરી ઓ.એન.જી.સી. કન્ડકટ,ડીસીપ્લેન અને અપીલ રૂલ્સ ૧૯૯૪ ના રૂલ–૩૬ મુજબ કરેલી હતી. જે પ્રતિવાદીના ફરજના ભાગરૂપે કરવામાં આવેલી. વાદીની તેમની પત્ની સાથેની તકરાર સંબંધે, તેમની પત્નીનું નામ શું છે, તેમની પત્ની સાથે કોઈ કેસ ચાલુ છે કે કેમ, કેસની કોપી હોચ તો રજુ કરવી તેમજ આ બીજી સ્ત્રી થકી કોઈ બાળકનો જન્મ થચેલ છે કે કેમ વિગેરે સવાલો બદનામી ગણી શકાય નહી. તદઉપરાંત આ વીજીલન્સ ઈન્કવાયરી એ ખાનગી રાહે ચાલનારી છે જે તેઓએ ખાનગી જ રાખવાની હોચ છે. તેવા સંજોગોમા હાલના પ્રતિવાદીએ વાદીને બદનામ કરવાના હેતુથી તેની જાહેરાત કરેલી તેવુ રેકર્ડ ઉપર જણાય આવતુ નથી. વળી આ કામે વાદીએ ખુદ આંક–૩૯ વાળા દસ્તાવેજમાં સ્વીકારેલ છે કે, ઈન્કવાયરીની પ્રગતિ અને પ્રક્રિયા અંગે તેઓને સંતોષ છે. અને તેમા વાદીએ સહી કરી આપેલ છે. આમ જયારે ખુદ વાદીએ ઈન્કવાયરી અંગે સંતોષ વ્યકત કરેલ હોચ, ત્યારે પાછળથી ફરી જઈ હાલના આક્ષેપો કરી દાવો કરવો એ એસ્ટોપલ ગણાય. જેથી આ કામે વાદીની બદનામી થાચ તેવુ કૃત્ય કરી માનસીક વ્યથા પહોંચાડેલ હોચ તેવું સાબીત થતુ નથી. જયારે પ્રતિવાદી તરફે એવુ સાબીત કરવામા સફળ રહેલ કે, એસેટ મેનેજર ઓ.એન.જી.સી. ધ્વારા પ્રતિવાદીને વાદીની ઈન્કવાયરી કરવાનું સોંપવામાં આવેલ જેથી તેમની કાયદેસરની ફરજના ભાગરૂપે તેઓએ કામગીરી શુધ્ધબુધ્ધિ પુર્વક કરેલાનુ જણાય

છે જેના કારણે વાદીએ તેમની સામે કરેલ દાવો ખોટો અને ઉપજાવી કાઢેલ છે. તે રીતે વાદીએ માંગેલ દાદ તેઓ મેળવવા હકકદાર ઠરતા નથી તેમ મારૂં સ્પષ્ટપણે માનવું છે.

આમ આ કામે મુદ્દા નં. ૨, ૩ અને ૬ નો જવાબ નકારમાં જયારે મુદ્દા નં. ૪ , ૫ નો જવાબ હકારમાં આવે છે અને મુદ્દા નં.૭ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## **-: આખરી હુકમ :-**

૧) વાદી નો હાલનો દાવો નામંજુર યાને રદ કરવામાં આવે છે.

૨) પક્ષકારોએ આ દાવામાં થયેલ ખર્ચ જાતે ભોગવવુ.

૩) હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : અંકલેશ્વર
તારીખ: ૨૧-૦૬-૨૦૧૮.

**(મધુર પ્રવિણચંદ્ર મહેતા)**
એડી. સિનિયર સિવિલ જજ, અંકલેશ્વર
કોડ નં.જી.જે.૦૦૮૧૨.